## ***<u>ક્રિ.મી.એ. નં.૩૯૦/'૧૬ ના કામે આંક–૧ તળે આખરી હુકમ</u>***

*(૧) આ કામે હાલનું કામ લાંબા સમયથી ફરીયાદીના વેરીફીકેશન માટે તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૨ ની ઈન્કવાયરી હેઠળ પેન્ડીગ રહેલ છે, પરંતુ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી એ આ કામે હાજર રહી હાલનું કામ આગળ ચલાવવામાટેના સક્રિય પ્રયત્નો કરેલા નથી. પરિણામે આ કામે ન્યાયોચિત હુકમ કરવો આ અદાલતે ન્યાયોચિત માનેલ છે.*

*(૨) આવા સંજોગોમાં બજવણીના તબકકે હોવા માત્રથી ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ના રહે અને કોઈપણ જાતની બજાવવાની કાર્યવાહી કરવા આગળ ના આવે તે યોગ્ય નથી. ફરીયાદ પક્ષે, તેમના વિ.વ.શ્રીને રાખવામાં આવેલ હોય ત્યારે ફરીયાદીની ગે.હા.માં સદર વિ.વ.શ્રીએ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટેના સક્રિય પ્રયાસ કરી કાર્યવાહી આગળ ચલાવવાની હોય છે, પરંતુ તેવી કોઈ કાર્યવાહી ફરીયાદ પક્ષે લાંબા સમયથી કરેલી નથી કે પોતે પણ હાજર રહેલા નથી. આ સંજોગોમાં ફરીયાદીને કેસ આગળ ચલાવવામાં કોઈ રસ ન હોય તેમ જણાય છે.*

*(૩) આ સબંધે **<u>ના.સુપ્રિમકોર્ટે એસ. રામાક્રિષ્ના વિ.રામીરેડ્ડી (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.)૨૦૬૬ ના ચુકાદામાં</u>** ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરીયાદીને અચોકકસ સમયગાળા માટે ફરીયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહિ.તે સાથોસાથ **<u>ના.ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મિલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિ.અપીલ નંબર ૨૪૦૫/'૦૯, તા.૧૮–૧–'૧૦ નો ચુકાદો</u>** ધ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૬ ની છણાવટ કરી ઠરાવવામાં આવેલ છે કે,"ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસો કરતા ન હોય તો,તેને ફરીયાદ પક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરીયાદ રદ થવાને પાત્ર છે. આ કેસમાં પણ ઉપરોકત કરેલી ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વકીલશ્રી લાંબા સમયથી કેસમાં હાજર રહેલા ના હોય કે લાંબા સમયથી કોઈ પ્રયત્ન કરાયેલ ના હોય તે સંજોગોમાં હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ કરવાને પાત્ર હોઈ ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.*

### ***<u>હુ ક મ</u>***

*ફરીયાદીની હાલની ફરીયાદ તેમની ગેરહાજરીના કારણે રદ કરવામાં આવે છે અને તે રીતે હાલના કેસની કાર્યવાહી બંધ કરી કામ ફેંસલ કરવામાં આવે છે.*

*હુકમ આજ તા.૧૭–૩–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.*

*તાઃ ૧૭ –૩–૧૮*<br>
*સ્થળઃઅમદાવાદ.*

*( ડી.એસ.ડાભી )*<br>
*એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,*<br>
*ને.ઈ.એ કોર્ટ નં.૨૭, અમદાવાદ,*<br>
*જજ કોડ નં. જીજે૦૧૦૧૮*